અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પોસ્ટ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની નવીન ગાઈડ લાઈન અન્વયે રાજ્ય સરકાર દ્વારા અમલીકરણ કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
**ઠરાવ ક્રમાંક : TDD/PMS/e-file/25/2023/0919/G**
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૮/૨૦૨૩

**વંચાણે લીધા:–**

(૧) ભારત સરકારની તા.૦૧/૦૭/૨૦૧૦ની અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની ગાઈડલાઈન.

(૨) ભારત સરકારની તા.૦૧/૦૪/૨૦૨૨થી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અમલીકૃત પોસ્ટ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની ગાઈડલાઈન.

(૩) નિયામકશ્રી (આ.વિ.)નો તા.૧૦/૦૬/૨૦૨૩નો પત્ર ક્રમાંક: DOTD/0156/06/2023

(૪) નિયામકશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૧૭/૦૭/૨૦૨૩નો પત્ર ક્રમાંક:આ.વિ./શિક્ષણ /e-file242/2023/616

**પ્રસ્તાવના:–**

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેની ભારત સરકારની તા.૦૧/૦૭/૨૦૧૦થી અમલિત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની ગાઈડલાઈનમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂ. ૨.૫૦ લાખની માતા–પિતા/વાલીની આવકમર્યાદાને ધ્યાને લઈ શિષ્યવૃત્તિની રકમની કોઈ ટોચ મર્યાદા (સિલીંગ લિમીટ) ધ્યાને લીધા સિવાય ફીની રકમ શિષ્યવૃત્તિ તરીકે ચુકવવામાં આવતી હતી. ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના ભારત સરકારની તા.૦૧/૦૪/૨૦૨૨થી અમલીકૃત ગાઈડલાઈનથી માન્યતા પ્રાપ્ત ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એમ.બી.બી.એસ./એમ.એસ./એમ.ડી.ના અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૬.૦૦ લાખ તથા એન્જિનિયરીંગના અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૨.૫૦ લાખ તેમજ અન્ય અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૧.૦૦ લાખની રકમની ટોચ મર્યાદામાં (સિલીંગ લિમીટ) શિષ્યવૃત્તિની ચૂકવણી કરવાની જોગવાઈ

દાખલ કરેલ છે. ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૩) અને (૪)સામેના નિયામકશ્રી (આ.વિ.)ના પત્રોથી ભારત સરકારશ્રીની ઉપરોક્ત નવીન ગાઈડલાઈનમાં સૂચવેલ ટોચ મર્યાદા (સિલીંગ લિમીટ)થી વધુ રકમની શિષ્યવૃત્તિની ચૂકવણી રાજય સરકાર દ્વારા કરવા અંગે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

આથી પુખ્ત વિચારણાને અંતે, રાજયના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિની રકમનું ચૂકવણું કરવા નીચે મુજબની જોગવાઈઓ આથી ઠરાવવામાં આવે છે.

(૧) અગાઉના શૈક્ષણિક વર્ષમાં એડમિશન લીધેલ હોય અને શિષ્યવૃત્તિ આપવામાં આવેલ હોય તેઓને ચાલુ વર્ષે તેમજ હવે પછીના વર્ષોમાં શિષ્યવૃત્તિ મંજુર થયા પ્રમાણે આપવાની રહેશે.

(૨) સરકારી ક્વોટામાં મેરીટમાં એડમિશન લીધેલ હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફી રેગ્યુલેટીંગ કમિટી (FRC) એ નક્કી કરેલ ફી મુજબ ભારત સરકારે નક્કી કરેલ રૂ.૬.૦૦ લાખની મર્યાદામાં શિષ્યવૃત્તિ આપવાની રહેશે. પરંતુ જે અભ્યાસક્રમોમાં ફી રૂ.૬.૦૦ લાખ કરતાં વધારે હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના કિસ્સાઓમાં વધારાની રકમ રાજય સરકાર તરફથી ભોગવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૪/૦૮/૨૦૨૩ તેમજ સરકારશ્રીની તા.૦૫/૦૮/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એચ.વસાવા)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના**

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી,બ્લોક નં.૧,નવા સચિવાલય,ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા),નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર .
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી આદિજાતિ વિકાસ,ગાંધીનગરને આનુષંગિક તમામ જરૂરી કાર્યવાહી અર્થે.
- પ્રાયોજના વહિવટદારશ્રી, તમામ જિલ્લા (નિયામકશ્રી (આ.વિ)ની કચેરી મારફત)
- મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લા (નિયામકશ્રી (આ.વિ)ની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૩